# ડીસાના યુવા વેપારીએ એક લાખ શિવલીંગની પૂજા કરી

## કોરોના સામે રક્ષા મળે જે માટે એક માસ શિવપૂજા અને યજ્ઞમાં આહુતિ આપશે

ડીસા, તા. ૨૭

સમગ્ર વિશ્વ કોરોના મહામારી વચ્ચે જીવી રહ્યું છે ત્યારે આ મહામારીમાંથી મુક્તિ મળે જે માટે ડીસાના એક યુવા બિલ્ડરે એક માસ સુધી શિવપૂજા અને સવાલાખ શીવલિંગની પૂજા કરી રહ્યા છે. આ યુવા બિલ્ડર કોરોના લોકડાઉન સમયે પણ અને જે સમયે શિવ પૂજાનો મહિમા વધુ હોય છે ત્યારે આ ધર્મનું રક્ષણ સાથે અને કોરોના મહામારીમાંથી દેશ બહાર આવે તે હેતુથી યુવા બિલ્ડર દ્વારા હાલ તેઓ અને તેંમના પરિવાર સાથે ગ્રામજનો, મિત્રો દ્વારા શિવપૂજા યજ્ઞમાં આહુતિ આપવામાં આવી રહી છે. આ બાબતે યુવા બિલ્ડરે



કીટ વિતરણ કરી લોકોને મદદરૂપ થયા હતા.

છેલ્લા ચાર માસથી સમગ્ર વિશ્વ અને આપણો દેશ પણ કોરોના મહામારી સામે ઝઝુમી રહ્યું છે, સતત કોરોનાના આંકડા વધતા અને લોકોના મૃત્યુ થતા સમગ્ર દેશ હાલ મહામારી વચ્ચે જીવી રહ્યું છે, ત્યારે દેશવાસીઓ આ મહામારીમાંથી બહાર આવે તે માટે વિવિધ જગ્યાએ પૂજા અર્ચના સાથે પ્રાર્થના કરી રહ્યા છે. ત્યારે ડીસાના નવયુવાન બિલ્ડર પી.એન. માળી જેઓ પણ દેશ મહામારીમાંથી બહાર આવે જે માટે પોતાના ફાર્મ પર શિવપૂજા શરૂ કરી છે. પી.એન. માલી મૂળ બનાસકાંઠાના ડીસા તાલુકાના રાણપુર ગામના વતની છે અને રસાના ગામે આવેલ તેમના ફાર્મ પર પંદર બ્રાહ્મણો દ્વારા સવાલાખ શિવલિંગ અને સવાલાખ બિલીપત્ર સાથે સવાલાખ જાપ અને રોજેરોજ આહુતિ આપવામાં આવી રહી છે, જોકે હાલ હિન્દુધર્મનું પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યું છે જણાવ્યું હતું કે દેશ પર આવી પડેલી કોરોના મહામારીથી દેશ મુક્ત થાય તે હેતુથી આ શિવપૂજા પવિત્ર શ્રાવણ માસમાં કરવામાં આવી રહી છે.

સમગ્ર દેશ જ્યારે કોરોના મહામારી વચ્ચે જીવી રહ્યું હતું અને લોકડાઉનની જાહેરાત થતા અનેક શ્રમજીવી લોકો મુસીબતમાં આવ્યા હતા ત્યારે પણ પી.એન. માળી દ્વારા ૫૦ હજાર કીટ બનાસકાંઠામાં જરૂરિયાતમંદો સુધી પહોંચતી કરી હતી અને હવે પવિત્ર શ્રાવણ માસમાં પણ આ શિવપૂજા કરવામાં આવી રહી છે અને ધર્મની રક્ષા સાથે અને કોરોનામાંથી મુક્તિ મળે જે માટે કરવામાં આવતી પૂજા ખુબજ સારી બાબત છે. પંદર બ્રાહ્મણો દ્વારા હાલ રોજ બાર કલાક પૂજા કરવામાં આવી રહી છે. સમગ્ર દેશ સહિત હાલ બનાસકાંઠામાં સતત કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે પ્રજાની ચિંતા કરનાર યુવા બિલ્ડર પી.એન. માળીને ખરેખર દાદ આપવા જેવી છે.

# વિસનગરમાં ધોળે દિવસે ચાર લાખની લૂંટ

મહેસાણા, તા. ૨૭

આજે વહેલી સવારના મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં ચાર લાખની રોકડ રકમ એક્ટીવા પર લઈને ગંજબજારમાં જઈ રહેલ શાકભાજીના વેપારીને ઈકો જેવી સફેદ કલરની ગાડીમાં આવેલ ત્રણ અજાણ્યા શખ્સોએ ઝપાઝપી કરી એક્ટીવાની ચાવી કાઢી લઈ હૂક પર ભરાવેલ ચાર લાખની રોકડ રકમ ભરેલ થેલીની આબાદ લૂંટ ચલાવી ત્રણેય શખ્સો ગાડીમાં ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં શહેરના વેપારીઆલમમાં ભયની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે વિસનગર ખાતે દિપડા દરવાજા રાંદેલ માતાના માઢમાં રહેતા શાકભાજીના વેપારી મુકેશકુમાર ઈશ્વરલાલ પટેલ વહેલી સવારના ચારેક વાગે એક્ટીવાના હૂક પર કપડાની થેલીમાં ચાર લાખની રોકડ રકમ લઈને ગંજબજારમાં દુકાને જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં ડી.ડી. કન્યા વિદ્યાલય તરફના રસ્તા પર પાછળથી આવેલ સફેદ રંગની ઈકો જેવી ગાડીમાં આવેલ ત્રણ અજાણ્યા શખ્સોએ અચાનક નીચે ઉતરી વેપારી સાથે ઝપાઝપી કરી હતી. બાદ એક્ટીવાની ચાવી કાઢી લઈ એક્ટીવાના હૂકમાં ભરાયેલ રૂપિયા ચાર લાખની રોકડ રકમ ભરેલ કપડાની થેલીની આબાદ લૂંટ ચલાવી ગાડીમાં બેસી ક્યાંક નાસી છૂટ્યા હતા. આ ઘટનાથી સમગ્ર શહેરમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

ઈકો જેવી સફેદ કલરની ગાડીમાં આવી શાકભાજીના વેપારી પાસેથી ચાર લાખની રોકડ રકમની લૂંટ કરી નાસી છૂટેલા ત્રણ અજાણ્યા શખ્સો આશરે ૩૫ થી ૪૦ વર્ષની વયના હતા અને શરીરે સફેદ કલર જેવુ શર્ટ પહેરેલ હતું.

આ બનાવ અંગે વિસનગર શહેર પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૭૯ બી ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# સહકારી ચાર રસ્તા પાસેથી સાત પશુઓ ભરેલુ ડાલુ પકડાયુ

## એ-ડીવીઝન પોલીસે બે શખ્સોની અટકાયત કરી તપાસ હાથ ધરી

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર તાલુકાના રણાસણ તરફથી પાસ પરમીટ વિના મુંગા સાત પશુઓ ભરેલા એક ડાલાને સોમવારે હિંમતનગર એડીવીઝન પોલીસે બાતમીને આધારે સહકારી જીન વિસ્તારમાંથી ઝડપી લીધા બાદ રૂ. ૪૨ હજારના સાત પશુઓ તથા ટેમ્પો મળી અંદાજે રૂ. ૩ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ બે શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી અટકાયત કર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરી છે.


આ અંગેની વિગત એવી છે કે સોમવારે હિંમતનગર એડીવીઝન પોલીસને એવી બાતમી મળી હતી કે રણાસણ તરફથી એક ટેમ્પામાં બે શખ્સો પાસ પરમીટ વિના તથા પાણી અને ઘાસચારાની સગવડ કર્યા વગર કેટલાક પશુઓને હકડેઠઠ બાંધીને હિંમતનગર તરફ આવી રહ્યા છે. જેને આધારે એડીવીઝન પોલીસે સહકારી જીન ચાર રસ્તા પર વાહન ચેકીંગ શરૂ કરી દીધુ હતુ. દરમિયાન અહીંથી પસાર થતા ટેમ્પો નં. જીજે.૨૦.યુ.૩૨૯૮ પસાર થતા પોલીસે તેને અટકાવી તપાસ કરતા તેમાંથી અંદાજે રૂ. ૪૨ હજારની કિંમતની સાત ભેંસો મળી આવી હતી. ત્યારબાદ પોલીસે પુછપરછ કરતા ટેમ્પામાં બેઠેલા મહીસાગર જિલ્લાના બાલાસીનોર ગામના મુલાતનપુરા વિસ્તારમાં રહેતા સાહીલકરીમ મુલતાની અને મોડાસાના રાણાસૈયદ વિસ્તારમાં રહેતા ફજલેભાઈ અલીમહમદ મુલતાનીએ કોઈ પાસ પરમીટ રજુ ન કરતા પોલીસે બંને જણાની અટકાયતકરી લીધી હતી.

ત્યારબાદ સાત પશુ ભરેલા ટેમ્પો તથા મોબાઈલ અને અન્ય ચીજવસ્તુઓ મળી પોલીસે રૂ. ૩ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ પશુધારા અત્યાચાર નિવારણ અંતર્ગત ગુનો દાખલ કરી આગળની તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# "શાળા બંધ છે શિક્ષણ નહિ"નું રચનાત્મક ઉદાહરણ પુરૂ પાડતી અરવલ્લીની ૩૯૨ શાળાઓ

## અરવલ્લીમાં ઘરે બેઠા વર્ચુયલ ક્લાસનો લાભ લેતા ૪૨૧૭ વિદ્યાર્થીઓ

કોરોનાના મહામારીના કારણે વિદ્યાર્થીઓ સમગ્ર રાજયમાં શાળાઓ બંધ કરવામાં આવી છે ત્યારે વિદ્યાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળી રહે લર્નિગનું આયોજન કરવામાં આવ્યું છે. તેની સાથે માઈક્રોસોફટ ટીમ એપ દ્વારા એન્ડ્રોઈડ ફોન અને યુ-ટ્યુબના માધ્યમથી વિદ્યાર્થીઓને ઘરે બેઠા




તે માટે ઈ-લર્નિગની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં અરવલ્લીની ૩૯૨ શાળાઓએ મોબાઈલના માધ્યમથી વર્ચુયલ કલાસનો આરંભ કરી રચનાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.

અરવલ્લીમાં કોરોનાનો વ્યાપ વધતા કોરોનાનો આંક ૨૯૦ ને પાર પંહોચી ગયો છે. જેમાં ગ્રામ્ય વિસ્તારનો પણ સમાવેશ થાય છે. જેને લઈ ગ્રામ્ય વિસ્તારમાં બંધ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના શિક્ષણકાર્યને માઠી અસર ન થાય તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ડી.ડી ગિરનાર અને વંદે ગુજરાત ચેનલ મારફતે હોમ નિયમિત અને નવનીત પ્રયત્નો થકી શિક્ષકો વિષય વસ્તુ નિરૂપણને રસપ્રદ બનાવી વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા છે.

જેમાં અરવલ્લીના ભિલોડાના ૯૬ વર્ચુયલ ક્લાસ દ્વારા ૧૨૪૪ વિદ્યાર્થીઓને, માલપુરના ૩૯ ક્લાસમાં ૨૬૯, મેઘરજમાં ૪૬ ક્લાસ દ્વારા ૪૪૯, મોડાસાના ૬૭ ક્લાસ દ્વારા ૬૦૮, બાયડના ૯૮ ક્લાસ દ્વારા ૯૯૨ અને ધનસુરાના ૪૬ ક્લાસ દ્વારા ૬૫૫ મળી સમગ્ર જિલ્લામાં ૩૯૨ વર્ચુયલ ક્લાસ દ્વારા ૧૨૪૪ વિદ્યાર્થીઓને ઘરે બેઠા મોબાઈલના માધ્યમથી શિક્ષણ મળી રહ્યુ છે.

# ભિલોડાના શહિદ કાંતીભાઈ કોટવાલને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ

ભિલોડા,તા.૨૭

ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં કારગિલ વિજય દિન નિમિત્તે શહિદ જવાન કાંતીભાઈ કોટવાલ સ્મારક શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી. કારગિલ વિજય દિન નિમિત્તો ભારત માતાના વીર સપુતોના શોર્યને નમન અને કારગિલ યુધ્ધના અમર શહિદ વીર જવાન કિશનગઢ ગામના કાંતીભાઈ કોટવાલને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી. કાંતીભાઈ પટેલ, ભવાનભાઈ ઠાકોર, જશુભાઈ અસારી, ગુણવંતભાઈ ત્રિવેદી, અમૃતભાઈ બરંડા, શૈલેષભાઈ મોથલીયા, રાજેશભાઈ નિનામા, શહિદ વીર જવાનના પરીવારજનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



## મેઘરજ તાલુકાના કંભરોડા ગામે ખેતીના પાકમાં દવાનો છંટકાવ કરવા માટે અનોખો નુસ્ખો

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના કંભરોડા ગામે ખેડૂતે ખેતીના પાકમાં દવા છંટકાવ કરવા માટે દસ નોજર પાઈપ ઉપર ફીટ કરી બે પંપ વડે એક સાથે ખેતીમાં દસ જેટલા ચાસમાં એકસાથે દવાનો છંટકાવ થતાં આ નવા નુસ્ખાને જોઈ ખેડુતોમાં આનંદ છવાયો છે. કંભરોડા ગામે ચૌહાણ લાલસિહ જુજારસિહએ ચોમાસુ મગફળીના પાકમાં નિંદણ નાશક દવાનો છંટકા કરવા માટે એક અનોખો નુસ્ખો અપનાવ્યો છે જેમાં બે દવા છાંટવાના પંપમાં ડબલ પ્રેસર મોટરો નાખી અને એલ્યુમીનીયમની પંદર ફુટ લાંબી પાઈપ ઉપર દસ જેટલી નોજર સેટ કરીને ગણા ઓછા ખર્ચમાં એક સાથે દસ જેટલા કોઈપણ પાકના ચાસ ઉપર ફુલ પ્રેસરથી દવાનો છંટકાવ થઈ શકે તેવી નોજર પાઈપ બનાવતાં જે ખેતરમાં આખો દિવસ દવાનો છંટકાવ કરવામાં સમય જતો હોય છે તે માત્ર બે થી અઢી કલ્લાકમાં દવાનો છંટકાવ થઈ રહ્યો છે સાથે સાથે ખેડૂતનો સમય તેમજ દવા બન્નેની બચત થાય છે. આ ખેડૂતના અનોખા અને ઓછા ખર્ચવાળા નુસ્ખાને જોઈ હવે આ ડબલ પંપની પાઈપ ખેડૂતો ઘરે ઘરે બનાવ્યા લાગ્યા છે.

# ડીસામાં માટી ચોરી કરતા એક હીટાચી મશીન અને ત્રણ ટ્રક ઝડપાયા

કોરોના મહામારી વચ્ચે ડીસા રૂરલ પોલીસે માટીચોરી કરતા ૧ હીટાચી મશીન અને ૩ ટ્રક મળી કુલ ૬૫ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. ગઈકાલે મોડીરાત્રે બાતમી આધારે પોલીસે રેડ કરતાં માટી ચોરી કરતા ઈસમોમાં દોડધામ મચી હતી. પોલીસે પંચો સાથે રાખી કાર્યવાહી કરી માટીચોરી કરતા ૪ ઈસમો સામે આઈપીસી અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી કોવિડ ગાઈડલાઈન મુજબ કોરોના ટેસ્ટ કરવા મોકલી આપ્યા હતા.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના કાંટ ગામેથી પોલીસે માટી ચોરી ઝડપી પાડી છે. ગઈકાલે રાત્રે બાતમી આધારે પોલીસે કાંટ ગામના તળાવ વિસ્તારમાં રેડ કરી હતી. જેમાં તળાવમાં ખુલ્લી પડેલી ટ્રક જેમાં ઈટાચી મશીન ભરવા રાખેલ હતુ. આ સાથે પીળા કલરનું ચેનવાળું ઈટાચી મશીન ચાલુ હાલતમાં હોઈ પોલીસે માટી ચોરી કરતા ઈસમોની ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.



સૂત્રોએ જણાવ્યુ હતુ કે, ડીસા રૂરલ પોલીસે બાતમી આધારે કરેલી રેડમાં ૬૫ લાખનો મુદ્દામાલ ઝડપાતાં માટીચોરી કરતા ઈસમોમાં ફફડાટ વ્યાપી ગયો છે. કાર્યવાહી દરમ્યાન પોલીસે ઈટાચી મશીન પીળા કલરનું જેની કિ.રૂ.૩૦,૦૦,૦૦૦, આઈવા ટ્રકની કિ.રૂ. ૧૫,૦૦,૦૦૦, આઈવા ટ્રકની કિ.રૂ.૧૫,૦૦,૦૦૦ અને ખુલ્લી ટ્રકની કિ.રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ કિ.રૂ. ૬૫,૦૦,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ૪ ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે. ડીસા રૂરલ પોલીસે આરોપીઓ સામે આઈપીસીની કલમ ૩૭૯, ૫૧૧, ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




હિંમતનગરમાં સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન, વાઈસ ચેરમેન અને માનદમંત્રી સોમવારે જિલ્લા સંઘના હોલ ખાતે ઈન્ચાર્જ પ્રાંત અધિકારી આર.કે. ચૌધરીની ઉપસ્થિતિમાં ચુંટણી યોજાઈ હતી. જેમાં ત્રણેય પદ પર સંઘના ચેરમેન તરીકે જશુભાઈ જગુભાઈ પટેલ-ખેડબ્રહ્મા, વાઈસ ચેરમેન તરીકે બાબુભાઈ રામજીભાઈ દેસાઈ અને માનદમંત્રી તરીકે જીતેન્દ્રકુમાર ચીમનલાલ પટેલ પ્રાંતિજની બિન હરીફ વરણી કરાઈ હતી. આ પ્રસંગે બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા ખરીદ-વેચાણ સંઘના ચેરમેન મણીભાઈ પટેલ, મણીભાઈ વાઘેલા, અલકાબેન શાહ અને એક્ઝિયુકીટિવ ઓફિસર યશવંત જોશી વગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીની કિશોરીઓમાં પોષણની કાળજીનું મહત્વ વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૭

ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ટી.વી. ચેનલ વંદે ગુજરાત-૧ પર દર સોમવારે બાળકો માટે પ્રિસ્કુલ કાર્યક્રમ તેમજ દર મંગળવારે સગર્ભા, ધાત્રી તથા કિશોરીઓ માટે સેટકોમ રજુ કરવામા આવે છે. તા. ૨૮ જૂન રોજ બપોરે ૨ થી ૩ કલાકે કિશોરીઓ માટેનો સેટકોમ કાર્યક્રમ પુર્ણ દિવસની ઉજવણી અંતર્ગત આવનાર છે. જેમા ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓમા પોષણની કાળજીનું મહત્વ વિષય પર માર્ગદર્શન રજુ થનાર હોય તેથી તમામ કિશોરીઓને આ કાર્યક્રમ અવશ્ય નિહાળવા અનુરોધ કરવામા આવ્યો છે. આ કાર્યક્રમ પુર્ણ થયે કિશોરીઓ માટે ક્વિઝ રાખવામા આવેલ છે. જેમા ભાગ લઈ પ્રશ્નોના જવાબ કિશોરીઓ આપે તે જરૂરી છે.

આ કાર્યક્રમનુ જીવંત પ્રસારણ ટી.વી.મા વંદે ગુજરાત ચેનલ-૧, મોબાઈલ જીઓ એપ મારફત વંદે ગુજરાત ચેનલ-૧ તેમજ WCD gujarat ફેસબુક પેજ પર નિહાળી શકાશે. કોઈ કારણોસર જીવંત પ્રસારણ નિહાળી ન શક્યા હોય તેઓ યુ-ટ્યુબ ચેનલ WCD gujarat પર અન્ય કોઈપણ સમયે નિહાળી શકાશે.



## મહિલાઓ દ્વારા દશામાંની ઘરે જ પૂજા - અર્ચના...

કોરોના મહામારીનું દશામાંના વ્રતને પણ ગ્રહણ લાગ્યું છે. તેથી હાલમાં વ્રત પૂર્ણાહુતિના આરે હોવા છતાં દશામાંના મંદિરો સુમસામ ભાસે છે. વ્રતધારી મહિલાઓએ ગત અષાઢી અમાસે ઘરે દશામાંની માટીની મૂર્તિની સ્થાપના કરી છે અને નકરોડા ઉપવાસ રાખી ઘરે જ માની પૂજા અર્ચના કરે છે હવે આજે મંગળવારે જાગરણ બાદ શ્રાવણ સુદ ૧૦ ને બુધવારે મહિલાઓ ઘરે જ મૂર્તિનું વિસર્જન કરી ભારે હૈયે વ્રતનું સમાપન કરશે.

# ડીસા-પાલનપુરમાં સાંજે ૪ વાગ્યા પછી વેપાર-વાણિજ્ય બંધ રાખવા આદેશ

ડીસા, તા. ૨૭

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જીલ્લામાં કોરોના વાયરસનો કહેર અવિરત બનતો જાય છે. જેને લઈ દરરોજ ડબલ આંકડામાં કેસો આવતો હોઈ કલેક્ટર દ્વારા ડીસા અને પાલનપુરમાં બપોર પછી દુકાનો બંધ રાખવાનું જાહેરનામું અગાઉ બહાર પાડવામાં આવ્યુ હતુ. જોકે આજે ફરી એકવાર કલેક્ટરે જાહેરનામુ બહાર પાડી સાંજે ૪ થી સવારના ૭ વાગ્યા સુધી વેપાર-વાણિજ્ય બંધ રાખવા જણાવ્યુ છે. સૂત્રોએ જણાવ્યુ હતુ કે જીલ્લા કલેક્ટરે ૨૭-૭-૨૦૨૦ થી ૧૦-૮-૨૦૨૦ સુધીનું જાહેરનામું અમલમાં મુક્યુ છે. જેમાં પાલનપુર અને ડીસા પાલિકાના સમગ્ર વિસ્તારોમાં તમામ પ્રકારના શોપિંગ કોમ્પલેક્ષ, શાકમાર્કેટ, શાકભાજીનું વિતરણ, પાન-મસાલાની દુકાનો, ચા-નાસ્તાની લારીઓ, તમામ વોક-વે, બાગ-બગીચા સવારના ૭ થી બપોરના ૪ વાગ્યા સુધી જ ખુલ્લા રાખવાનો આદેશ કર્યો છે.




# "એન્વાયારમેન્ટ" અંતર્ગત લાયન્સ ક્લબ મોડાસા દ્વારા સાપ્તાહિક વૃક્ષારોપણ

લાયન્સ ઈન્ટરનેશલ દ્વારા દરેક ક્લબમાં પર્યાવરણ બચાવ અંતર્ગત વૃક્ષારોપણ કરવા જણાવતા ડીસ્ટ્રીકટ એન્વાયરમેન્ટ ડાયરેક્ટર એલ.કે. વાઘેલાએ હાકલ કરતા મોડાસા એન્વાયરમેન્ટ ડીસ્ટ્રીક ચેરમેન પ્રવીણ પરમારના માર્ગદર્શન અને ઉપસ્થિતિ વચ્ચે મોડાસા લાયન્સ ક્લબની ટીમે મોડાસા શહેર સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષો વાવી વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરી હતી. મોડાસાની બ્લોક ફેક્ટરી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમની પુર્ણાહુતી કરી હતી. અગમ ફાઉન્ડેશનના હેતલ રાઠોડ અને સ્મિતા બુદ્ધે લાયન પ્રવીણ પરમારને 'પર્યાવરણ પ્રકૃતિ પ્રેમી' સન્માન પત્ર આપી સન્માનિત કર્યા હતા અને તેમના વૃક્ષારોપણ અભિયાનની સરાહના કરી હતી.